બિન-નિવાસી ગુજરાતીઓને 'ગુજરાત-કાર્ડ' આપવાની યોજના બાબત............

ગુજરાત સરકાર,
બિન-નિવાસી ભારતીયોનો પ્રભાગ,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક:બનગ-૧૦૯૯-૫૨૮-એનઆરઆઈ.
સચિવાલય,. ગાંધીનગર.
તા.૩-૬-૧૯૯૯

આ મુ ખ :-

બિન-નિવાસી ગુજરાતીઓ વિશેષ અધિકારપૂર્વક ગુજરાત સરકાર અને તેના નિયંત્રણ હેઠળની સંસ્થાઓ સાથે માહિતી અને વિચારોનું આદાન-પ્રદાન કરી શકે તથા સરકારે નિયત કરેલા ખાસ લાભોમેળવી શકે તે માટે 'ગુજરાત-કાર્ડ' દ્વારા બિન-નિવાસી ગુજરાતી તરીકેની ઓળખને પ્રસ્થાપિત કરવાની દરખાસ્ત રાજ્ય સરકારની સક્રિય વિચારણામાં હતી.

'ગુજરાત-કાર્ડ' આપવા માટેના વિવિધ પાસાંનો તલસ્પર્શી અભ્યાસ કર્યા બાદ રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબ ઠરાવવામાં આવે છે:-

ઠ રા વ :-

(અ) બિન-નિવાસી ગુજરાતી 'ગુજરાત-કાર્ડ' મેળવવા માટે માંગણી કરશે તો તેમને નીચેની શરતોને આધીન 'ગુજરાત-કાર્ડ' આપવામાં આવશે:-

(૧) 'ગુજરાત-કાર્ડ' ધારણ કરવા માગતો બિન-નિવાસી ગુજરાતી ભારત સિવાય કોઈપણ દેશનો નાગરિક હોય અને તે પોતે અથવા તેના પૂર્વજો મૂળ ગુજરાતના હોય તે જરુરી ગણાશે.

(૨) 'ગુજરાત-કાર્ડ' મેળવવા માટે પાંચ યુ.એસ.ડોલર અથવા તેટલી કિંમતનું વિદેશી ચલણ ચુકવવાનું રહેશે.

(બ) (૧) 'ગુજરાત-કાર્ડ' ધારકોને ગુજરાત સરકાર તથા તેના નિયંત્રણ હેઠળની સંસ્થાઓ પાસેથી માહિતી અને વિચારોના આદાન-પ્રદાનમાં અગ્રતા આપવામાં આવશે.

(૨) 'ગુજરાત-કાર્ડ' ધારકોને આપવામાં આવનાર વિવિધ લાભો અંગે હવે પછી સંબંધિત વિભાગો દ્વારા અલગ રીતે ઠરાવવામાં આવશે.

(ક) (૧) 'ગુજરાત-કાર્ડ' તૈયાર કરાવીને વિતરણ અંગેની સમગ્ર કામગીરી ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા કરવામાં આવશે.

(૨) આ અંગેનો ખર્ચ પ્રતિષ્ઠાનને રાજય સરકાર દ્વારા આપવામાં આવતા અનુદાનમાંથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે.જી. ગોહિલ
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, ગાંધીનગર.
માનનીય મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
મુખ્યસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો,
સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજય બિન-નિવાસી ગુજરાતીઝ પ્રતિષ્ઠાન, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
માહિતી કમિશનરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર(બહોળી પ્રસિધ્ધિ અર્થે)
સિલેકટ ફાઈલ.
નાયબ સેકશન અધિકારીની સીલેકટ ફાઈલ.

નટ પટેલ,

IMP Grant DA WF

૨૫/૫૫

બિન નિવાસી ગુજરાતીઓને " ગુજરાત કાર્ડ "
આપવાની યોજના બાબત.

ગુજરાત સરકાર.
બિન નિવાસી ભારતીય પ્રભાગ.
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃબનગ/૧૦૨૦૦૪/૪૫/N.R.I.,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ 8 FEB 2005

**<u>વંચાણે લીધો</u>:** (૧) સા.વ.વિ.નો તા.૧/૬/૯૯નો ઠરાવ ક્રમાંકઃબનગ/૧૦૯૯/૫૨૮/ N.R.I.,
(૨) સા.વ.વિ.નો તા.૧૯/૧૦/૨૦૦૦નો ઠરાવ ક્રમાંકઃબનગ/૧૦૨૦૦૦/૧૧૦૦/ N.R.I.,

**<u>ઠરાવ</u>:**

બિન નિવાસી ગુજરાતીઓ વિશેષ અધિકારપૂર્વક ગુજરાત સરકાર અને તેના નિયંત્રણ હેઠળની સંસ્થાઓ સાથે માહિતી અને વિચારોનું આદાન પ્રદાન કરી શકે અને સરકારે નિયત કરેલ ખાસ લાભ મેળવી શકે તે માટે ઉપર ક્રમ(૧) આગળ વંચાણે લીધેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૧/૬/૯૯ના ઠરાવથી " ગુજરાત કાર્ડ " ની યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

૨. આ યોજનાનો લાભ મહત્તમ સંખ્યામાં બિન નિવાસી ગુજરાતીઓને મળી શકે તે માટે ઉક્ત ઠરાવની શરત (અ) (૧) અન્વયે નક્કી કરવામાં આવેલ પાત્રતા નીચે મુજબ સુધારવાનું આથી ઠરાવવામાં આવે છે.

" સામાન્ય વહીવટ વિભાગના તા.૧૯/૧૦/૨૦૦૦ના ઠરાવ ક્રમાંકઃબનગ/૧૦૨૦૦૦/૧૧૦૦/ N.R.I., અન્વયે નક્કી થયેલ વ્યાખ્યા મુજબ ગુજરાત બહાર કાયમી વસવાટ કરતા મૂળ ગુજરાતીઓ કે જેઓ ભારતની બહાર કે ગુજરાતની બહાર ભારતના અન્ય રાજ્યોમાં હોય તે બધાજ બિન નિવાસી ગુજરાતીઓ " ગુજરાત કાર્ડ " ધારણ કરી શકશે."

૩. યોજના અંગેના તા.૧/૬/૯૯ના ઠરાવની અન્ય શરતો / બાબતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ઉદય દેશપાંડે) ૭/૨/૦૫
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન.મંત્રીશ્રીઓ /રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/ નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ,
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ,
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ,
માહિતી કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ( પ્રસિધ્ધિ અર્થે )
સભ્ય સચિવશ્રી ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન, બ્લોક નં.૧૬, ૩જો માળ, ઉદ્યોગ ભવન,ગાંધીનગર
શાખા સિલેકટ ફાઈલ.
નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.

OLBRANCH

૧૭૧/૫૬

જિલ્લા કલેક્ટરો દ્વારા બિન નિવાસી ભારતીઓને
" ગુજરાત કાર્ડ " આપવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક:બનગ-૧૦૨૦૦૪-૪૫-એન.આર.આઈ.
સામાન્ય વહીવટ વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૯/૧૦/૨૦૦૫

વંચાણે લીધા :-(૧) સા.વ.વિ.નો તા.૧-૬-૯૯નો ઠરાવ ક્રમાંક:બનગ-૧૦૯૯-૫૨૮-એનઆરઆઈ.
(૨)સા.વ.વિ.નો તા.૧૯-૧૦-૨૦૦૦નો ઠરાવ ક્રમાંક:બનગ-૧૦૨૦૦૦/૧૧૦૦-એનઆરઆઈ.
(૩)સા.વ.વિ.નો તા.૮-૨-૨૦૦૫નો ઠરાવ ક્રમાંક:બનગ-૧૦૨૦૦૪-૪૫-એનઆરઆઈ.

ઠરાવ:-

બિન નિવાસી ગુજરાતીઓ વિશેષ અધિકારપૂર્વક ગુજરાત સરકાર અને તેના નિયંત્રણ હેઠળની સંસ્થાઓ સાથે માહિતિ અને વિચારોનું આદાન પ્રદાન કરી શકે અને વખતો વખત નિયત કરવામાં આવેલા ખાસ લાભ મેળવી શકે તેમાટે ઉપર ક્રમાંક:(૧) આગળ વંચાણે લીધેલ સામાન્ય વહીવટ વિભાગના ઠરાવથી " ગુજરાત કાર્ડ "ની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.

૨. આ યોજનાનો લાભ બહોળી સંખ્યામાં બિન નિવાસી ગુજરાતીઓને મળી શકે તે માટે ઉપર વંચાણમાં લેવામાં આવેલ ક્રમાંક:(૨) અને (૩) ઉપરના ઠરાવથી કેટલાક સુધારા કરવામાં આવેલ છે.

૩. હાલમાં અમલમાં છે તે યોજના મુજબ બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા આ કાર્ડ આપવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા હાલની યોજનાનો વ્યાપ વધે અને કાર્ડ મેળવવા માંગતા દરેક બિન નિવાસી ગુજરાતીને તેમના વતનના જિલ્લા કક્ષાએ જ આ કાર્ડ ઉપલબ્ધ થઈ શકે તે માટે કાર્ડ ઈસ્યુ કરવાની હાલની સત્તાનું વિકેન્દ્રીકરણ કરીને તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓને ગુજરાત કાર્ડ આપવા માટે અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

આ યોજનાના અમલમાં એકસૂત્રતા જળવાય તે માટે નીચે મુજબ કાર્યવાહી કરવાની રહે છે.

(૧) "ગુજરાત કાર્ડ"ના દેખાવમાં એકસુત્રતા જળવાઈ રહે તે માટે કાર્ડનો નમુનો દરેક કલેક્ટરને પ્રતિષ્ઠાન દ્વારા ઉપલબ્ધ કરવાનો રહેશે.

(૨) કાર્ડ મેળવવા માટેની અરજીનો નમુનો પણ પ્રતિષ્ઠાન દ્વારા ઉપલબ્ધ કરવાનો રહેશે.

(૩) કાર્ડ તૈયાર કરવા માટેનું આયોજન જે તે કલેક્ટરશ્રીએ કરવાનું રહેશે.

(૪) કાર્ડ મેળવવા માટેના અરજી ફોર્મ સાથે મળેલ અરજી ફી ની રકમ જે તે જીલ્લા કલેક્ટર જીલ્લા કક્ષાએ રાખશે અને તે રકમમાંથી કાર્ડ તૈયાર કરવાનો ખર્ચ મેળવશે.

(૫) જીલ્લા કલેક્ટર દ્વારા આપવામાં આવતા ગુજરાત કાર્ડમાં કલેક્ટર અને તેમના વિકલ્પે અધિક જીલ્લા કલેક્ટર સહી કરશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)
(યુ.ડી.દેશપાંડે)
ઉપસચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,
નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
સર્વે માન.મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ / ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર,
સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ,
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ,
સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ,
માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર (પ્રસિધ્ધિ અર્થે)
સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિનનિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન, બ્લોક નં.૧૬, ૩ જો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
શાખા સિલેક્ટ ફાઈલ.
નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ.

ગુજરાત કાર્ડ ધારકોને સરકારી કામકાજમાં
પ્રાધાન્ય આપવા બાબત

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક :- બનગ-૧૦૨૦૧૩-૫૫૩-એન.આર.આઇ.
સચિવાલય,ગાંધીનગર.
તા:- ૧૯-૧૨-૨૦૧૩

**વંચાણે લીધો:- સામાન્ય વહીવટ વિભાગ, એન.આર.આઇ. શાખાનો તા. ૧-૬-૧૯૯૯નો ઠરાવ ક્રમાંક બનગ-૧૦૯૯૫૨૮-એનઆરઆઇ.**

પ્રસ્તાવના

૧. **બિન નિવાસી ગુજરાતીઓ** લાંબા સમય ગાળા બાદ જ્યારે ટુંકા સમય માટે વતનની મુલાકાત લેતા હોય છે ત્યારે ઘણા ટુંકા સમયમાં તેમણે પોતાની કેટલીક વ્યક્તિગત બાબતો માટે વિવિધ સરકારી કચેરીમાં જવું પડતું હોય છે. પરંતુ કેટલીક વાર કેટલીક કચેરીઓમાં તેમને ત્યાં જરૂરી સહકાર મળતો નથી અને એકને એક કામ માટે વારંવાર જવું પડે છે. આ સંજોગોમાં ઘણીવાર તેમનું કામ અધુરૂ રહી જાય છે અથવા તો તમણે વતનમાં વધુ સમય રોકાવું પડે છે. વિઝાની મર્યાદાના કારણે વિદેશથી પધારેલા બિન નિવાસી ગુજરાતીઓ માટે તો કાનુની રીતે પણ રોકાણ લંબાવવું શક્ય હોતુ નથી. જેથી, તેમના અંગત કામો અધુરા રહી જતા હોય છે અને જેના કારણે ઘણી મુશ્કેલીઓ વેઠવી પડતી હોય છે

૨. આ પરિસ્થિતિ નિવારવા માટે, આ બિન-નિવાસી ગુજરાતીઓ કે જેઓ ગુજરાત કાર્ડ ધરાવે છે તેઓ જ્યારે સરકારી કચેરીની મુલાકાત લે ત્યારે તેમની અંગત રજૂઆતો માટે તેમને સારી રીતે સાંભળવામાં આવે અને નિયમાનુસારની તેમની રજૂઆતો માટે વિના વિલંબે ત્વરીત કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી જણાય છે.

## <u>પરિપત્ર</u>

ઉપર્યુક્ત હકીકત ધ્યાને લેતા આથી સૂચના આપવામાં આવે છે કે ગુજરાત કાર્ડ ધારક બિન નિવાસી ગુજરાતીઓ જ્યારે સરકારી કચેરી/નિયંત્રણ હેઠળની સંસ્થાઓ પાસે માહિતી માગે કે રજૂઆત કરે ત્યારે તેમને અગ્રિમતા આપવામાં આવે તથા તેઓની રજૂઆત ધ્યાને લઇ તેમની નિયમાનુસારની

રજૂઆતો અન્વયે વિના વિલંબે જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવે તે જોવા સર્વે વિભાગ/ખાતાના વડા/ કચેરીના વડાને વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એન.પી.લવિંગીયા)
સંયુક્ત સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,
-માન.રા.ક.મંત્રીશ્રી (એન.આર.જી)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-સચિવાલયના સર્વે વિભાગો,
-સર્વે ખાતાના વડાઓ
(આપની કચેરી તેમજ આપના તાબા હેઠળની કચેરીના વડાને પરિપત્રીત કરવા વિનંતી સહ)
-નિયામકશ્રી, ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન
આ પરિપત્રને બહોળી પ્રસિધ્ધી આપવા તથા વેબ સાઇટ પર મૂકવા વિનંતી સહ.
-શાખા સિલેક્ટ ફાઇલ